# પોર્ટ ઓપરેશન્સ મેનેજર

પોર્ટ ઓપરેશન્સ મેનેજર બંદરગાહ/પોર્ટ ટર્મિનલ પર કામગીરીને સરળ રીતે સંચાલિત કરવા માટે જવાબદાર છે. તે અથવા તેણી જહાજોના આગમન અને પ્રસ્થાન, અનેકવિધ પ્રકારના માલસામાન અને કાર્ગોનું લોડિંગ (જહાજ પર ચઢાવવું) અને અનલોડિંગ (જહાજ પરથી ઉતારવું), કસ્ટમ ક્લિયરન્સ થાય ત્યાં સુધી માલ-સામાનને ગોદામમાં સંગ્રહિત કરવા સુધીની વિવિધ પ્રવૃત્તિઓની દેખરેખ રાખે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કંપનીના મેનેજર તરીકે કામ કરવા માંગો છો
- તમે સંભાળપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે કામગીરી કરો છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૮૦,૦૦૦ થી ૬,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. વિજ્ઞાન/ટેક્નોલોજી/એન્જિનિયરીંગ/મેનેજમેન્ટ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

વિજ્ઞાન/ટેક્નોલોજી/એન્જિનિયરીંગ/મેનેજમેન્ટ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા કરો.

અથવા

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, પોર્ટ અને શિપિંગ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને શિપિંગ અને પોર્ટ મેનેજમેન્ટમાં એમ.બી.એ. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

પોર્ટ ઓપરેશન્સ મેનેજર/શિપિંગ એન્ડ પોર્ટ મેનેજરનું અંદાજીત માસિક વેતન રૂ. ૩૬,૨૦૦ થી ૨,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Shipping_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** આયાત અને નિકાસ કંપનીઓ, જાહેર અને ખાનગી શિપિંગ કંપનીઓ, સરકારી વિભાગો જેમ કે રેલવે અને સંરક્ષણ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમારે અધિકારીઓની ટીમને સંભાળવાની જવાબદારી નિભાવવી પડશે. તમે સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવશો. આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્વેન્ટરી ક્લર્ક / એક્ઝિક્યુટિવ→ ઈન્વેન્ટરી સુપરવાઈઝર / આસિસ્ટન્ટ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પોર્ટ ઓપરેશન્સ, શિપિંગ ઓપરેશન્સ, મર્ચન્ટ ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્ડિયન મેરીટાઈમ યુનિવર્સિટી, ચેન્નાઈ
૨. ઇન્ટરનેશનલ મેરીટાઈમ એકેડમી, ચેન્નાઇ
૩. ભારતીય મેરીટાઈમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એકેડેમી ઓફ મેરીટાઈમ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ, તમિલનાડુ
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ લોજિસ્ટિક્સ, ચેન્નાઈ
૩. એઈસી સંચાલિત કૉલેજ ઓફ પીજીડીએસ એન્ડ પીએમ, કચ્છ
૪. ગુજરાત મેરેટાઈમ યુનિવર્સિટી, ગાંધીનગર
૫. નરોત્તમ મોરારજી ઈન્સ્ટિટ્યુટ ઑફ શિપિંગ, મુંબઈ
૬. શ્રીમતી એચ બી પાલન કૉલેજ ઓફ આર્ટસ એન્ડ કૉમર્સ, કચ્છ
૭. શ્રીમતી એચ.બી. પલાણ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, કચ્છ
૮. શ્રીનિવાસ યુનિવર્સિટી, મેંગલોર
૯. સુભારતી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, મેરઠ
૧૦. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વેદ્દાથ રઘુનંદન** પોર્ટ અને લોજિસ્ટિક્સ સેક્ટરમાં અનુભવી વ્યાવસાયિક છે, પોર્ટ ઓપરેશન્સ, લોજિસ્ટિક્સ, સપ્લાય ચેઇન મેનેજમેન્ટ, પ્રોજેક્ટ ડેવલપમેન્ટ અને બિઝનેસ ડેવલપમેન્ટમાં ચાર દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે. તેઓ કરાઈકલ પોર્ટના સી.ઈ.ઓ. છે. અગાઉ તેમણે અદાણી પોર્ટ્સ અને સેઝ, ધામરા પોર્ટ, જે.એમ. બક્ષી એન્ડ કંપની અને ઈન્ડિયન પોટાશ લિમિટેડ સાથે કામ કર્યું છે. રઘુનંદને નરોત્તમ મોરારજી ઈન્સ્ટિટ્યુટ ઑફ શિપિંગમાંથી કોમર્શિયલ શિપિંગ અને શિપ મેનેજમેન્ટની પદવી હાંસલ કરી, આઈ.આઈ.ટી. મુંબઈમાંથી પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં તાલીમ અને પ્રમાણપત્ર અભ્યાસક્રમ, તેમજ બ્યુરો ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, મુંબઈમાંથી ડિપ્લોમા પ્રાપ્ત કરેલ છે.*

સ્રોતઃ https://karaikalport.com/management-team

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.